## વડીલોને વંદન અભિનંદન



નટવરલાલ જાદવજી સોલંકી
(૧૯૩૬)ફોન:૨૩૨૨૧૧૪૨



મદનસિંહ દિલીપસિંહ ઝાલા
(૧૯૫૧)ફોન:૨૩૨૨૬૦૮૩

# રાજકોટમાં બુકાનીધારી લૂંટારૂઓએ બે કિલો સોનાના દાગીનાની લૂંટ કરી

અમદાવાદ,તા. ૧

રાજ્યમાં છેલ્લાં કેટલાક દિવસથી ચોરી અને લૂંટના બનાવોમાં વધારો થઈ રહ્યો છે. ચોર લૂંટારાને પોલીસનો ડર રહ્યો હોય તેમ આજે વહેલી સવારે રાજકોટના એસ ટી બસ સ્ટેન્ડ પાસે પાર્સલ સર્વિસના બે કર્મચારીઓને કારની અડફેટે લઈ ત્રણ બુકાનીધારી શખ્સો રૂપિયા ૬૦ લાખની કિંમતના બે કિલો સોનાના દાગીનાની લૂંટ ચલાવી પલાયન થઈ ગયા હતા.

આ બનાવની વિગતો પોલીસ સૂત્રોમાંથી એવી જાણવા મળી છે કે રાજકોટમાં સોની બજારમાં ગોલ્ડન પ્લાઝામાં આવેલ જય અંબે પાર્સલ સર્વિસમાં નોકરી કરતાં અને સંચાલન કરતાં મૂળ રાજસ્થાન સિકરના લક્ષ્મણગઢ જિલ્લાના બિલનેડા ગામના અને હાલ કેવડાવાડી શેરી નં. ૫માં રહેતા પ્રહલાદ રામ ગોપીરામ કેવર (ઉવ ૨૩) નામનો જાટ યુવાન અને તેનો સાળો ઘાસીરામ બગાનારામ ખીચડ આજે વહેલી સવારે અલગ અલગ ૧૨ પાર્ટીઓને મુંબઈ પહોંચાડવાના રૂા. ૬૦ લાખની કિંમતના બે કિલો સોનાના દાગીનાના પાર્સલને લઈ પોતાનું ડિસ્કવર મોટરસાઈકલ નં. જીજે ૩ ડીએસ-૮૭૭૬ લઈને એરપોર્ટ જતાં હતા ત્યારે એસટી બસ સ્ટેન્ડ પાસે લોધાવાડ નજીક તેમના મોટરસાઈકલને એક સફેદ રંગની વેગનઆર કારે ઠોકર મારી હતી. કાર ઠોકરે બાઈક ચડી જતા ઘાસીરામ નીચે પડી ગયા હતા. સાળો બનેવી કશું સમજે તે પૂર્વે જ કારમાંથી બુકાની પહેરીને ઉતરેલા ત્રણ શખ્સોએ સાળા બનેવી ઉપર હુમલો કરી દીધો હતો. અને રૂા. ૬૦ લાખના દાગીના ભરેલા પાર્સલની લૂંટ ચલાવી નાસી છૂટ્યા હતા. આ હુમલામાં ઘાસીરામને ઈજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ બનાવ બાદ પ્રહલાદરામે પોતાના મિત્ર અને પોતાની સાથે મકાનમાં રહેતા વિજયપાલને જાણ કરી હતી. વિજયપાલ ઘટના અંગે પોલીસને જાણ કરતાં અધિક પોલીસ કમિશનર ડો. કે. એલ. એન. રાવ,ક્રાઈમ બ્રાન્ચના એસીપી બી. ડી. રબારી, પીઆઈ વી. બી. જાડેજા, એ-ડિવિઝનના પીઆઈ મહેન્દ્રસિંહ રાઠોડ સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં અને તપાસમાં ખુલતી વિગતો મુજબ છેલ્લા બે વર્ષથી જય અંબ પાર્સલ સર્વિસનું સંચાલન કરતાં અને નોકરી કરતાં પ્રહલાદરામ અને તેનો સાળો ઘાસીરામ તથા તેનો મિત્ર જે કેવડાવાડી શેરી નં. ૫ માં એક મકાનમાં રહે છે. પ્રહલાદરામ સાથે છેલ્લા એક વર્ષથી તેનો સાળો ઘાસીરામ નોકરી કરે છે. સોનાના દાગીના બહાર પહોંચાડવા માટે પાર્સલ સર્વિસનું કામ કરતાં પ્રહલાદરામે લૂંટાયેલા દાગીના કઈ કઈ પાર્ટીના હતા તેની યાદી ઓફિસે હોવાનું પોલીસને જણાવ્યું હતું. આ બનાવ અંગે પોલીસ રાજકોટ શહેર અને જિલ્લામાં નાકાબંધી કરી દીધી છે. અને લૂંટારુઓની ભાળ મેળવવા ચક્રો ગતિમાન કરી દીધા છે. લોધાવાડ નજીક બનેલી લૂંટની ઘટનાથી રાજકોટ શહેરમાં સનસનાટી મચી ગઈ છે.




### યુનિવર્સિટીનો ૨૧મી પહેલાં પરીક્ષા યોજવા આદેશ

# કેટલીક કોલેજો ૨૫ ફેબ્રુ.એ પરીક્ષા યોજવા માટે મક્કમ

અમદાવાદ, તા.૧

ગુજરાત યુનિવર્સિટી દ્વારા યુનિ.સંલગ્ન તમામ આર્ટસ, સાયન્સ, કોમર્સ કોલેજોને ૨૧ ફેબ્રુઆરી પહેલા બીજી પ્રિલીમનરી પરિક્ષા યોજવા આદેશ કર્યો છે. જો કે યુનિવર્સિટીના આદેશ છતાં કેટલીક કોલેજો યુનિવર્સિટીની આદેશનો અનાદર કરીને પોતાના નિર્ધારીત ટાઈમટેબલ મુજબ બીજી પ્રિલીમિનરી પરિક્ષા યોજવા માટે મક્કમ હોવાનું જાણવા મળી રહ્યું છે. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન મોટાભાગની આર્ટસ, સાયન્સ અને કોમર્સ કોલેજો ૨૫ ફેબ્રુઆરી આજુ બાજુ પોતાની બીજી પ્રિલીમનરી પરિક્ષા યોજવા માટેનું ટાઈમટેબલ બનાવી ચુકી છે. તેમાં ગુજરાત યુનિવર્સિટીએ સત્તાવાર રીતે કોલેજોને પરિપત્ર પાઠવી બીજી પ્રિલીમનરી પરિક્ષા ૨૧ ફેબ્રુઆરી પહેલા પુરી કરવાના આદેશ આપતા કોલેજો મુંઝવણમાં મુકાઈ ગઈ છે. કોલેજોનું માનીએ તો બીજી પ્રિલીમનરી પરિક્ષામાં મોટા ભાગે વર્ષનો સમગ્ર અભ્યાસક્રમ આવરી લેવામાં આવતો હોવાથી આટલા ઓછા સમયમાં અભ્યાસક્રમ પુરો કરવો મુશ્કેલ છે. વળી પરિક્ષા આગળ વિદ્યાર્થીઓને એકાદ સપ્તાહ જેટલું રીડીંગ વેકેશન આપવાની વિદ્યાર્થીઓની માંગના કારણે પણ વિકટ પરિસ્થિતી સર્જાઈ છે. જો કોલેજો ૨૧ ફેબ્રુઆરી પહેલા બીજી પ્રિલીમનરી પરિક્ષા પુરી કરવાની હોય તો તેમણે ૧૦ ફેબ્રુઆરી આજુ બાજુ પરિક્ષા શરૂ કરવી પડે અને તે માટે પાંચ ફેબ્રુઆરી સુધી અભ્યાસક્રમ પુરો કરવો પડે. પરંતુ માત્ર પાંચ દિવસમાં અભ્યાસક્રમ પુરો કરવો અશક્ય છે.

કોલેજો ૨૫.ફેબ્રુઆરી આજુ બાજુ પરિક્ષાની ગણતરી કરી અભ્યાસક્રમ ચલાવી રહી હતી. એટલું જ નહીં વિદ્યાર્થીઓ પણ એ મુજબ પરિક્ષાની તૈયારીઓ કરી રહ્યા હતા. તેથી યુનિવર્સિટીના આદેશના પગલે કોલેજોના આચાર્યો અને વિદ્યાર્થીઓ મુંઝવણમાં મુકાઈ ગયા છે. તેવામાં કેટલીક કોલેજોમાંથી સત્તાવાર રીતે પ્રાપ્ત થતી માહિતી મુજબ કોલેજો ૨૫ ફેબ્રુઆરીએ નિર્ધારીત સમય પત્રક પોતાની પરિક્ષા યોજવા માટે મક્કમ છે. જેના કારણે બીજી પ્રિલીમનરી પરિક્ષાને લઈ આગામી સમયમાં કોલેજો અને યુનિવર્સિટી વચ્ચે વિવાદ સર્જાય તેવી સ્થિતી સર્જાઈ છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલ સાયન્સ, આર્ટસ, કોમર્સ, લો.કોલેજ, બીબીએ, બીસીએ સહીતની વિવિધ વિદ્યાશાખાઓની સ્નાતક કક્ષાની કોલેજોને ગુરુવારે યુનિવર્સિટીએ એક પરિપત્ર પાઠવ્યો હતો. આ પરિપત્ર મુજબ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોને ૨૧ફેબ્રુઆરી પહેલા બીજી પ્રિલીમનરી પરિક્ષા પૂર્ણ કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે.

## પ્રસિદ્ધ દાનવીર-શિક્ષણ ક્ષેત્રે સાવ-સુવાસ પ્રગટાવનારા સી. યુ. શાહને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલી

ગાંધીનગર, તા. ૧

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રસિદ્ધ દાનવીર અને શિક્ષણ ક્ષેત્રે યોગદાન આપનારા સ્વ. સી. યુ. શાહના અવસાન અંગે ડા દુ:ખ અને શોકની લાગણી વ્યકત કરીને તેમને ભાવભરી શ્રદ્ધાંજલિ આપી છે.

મુખ્ય મંત્રીશ્રીએ સ્વર્ગસ્થના અવસાન અંગે પાઠવેલા શોક સંદેશામાં જણાવ્યું છે કે, સ્વ. સી. યુ. શાહે નિ:સ્વાર્થભાવે વિશેષ કરીને શૈક્ષણિક ક્ષેત્રે જે સેવા કાર્યો અને પ્રગતિકારક યોગદાન આપ્યું છે તે અભિનંદનીય છે.

## ગાંધીનગર-અમદાવાદમાં ડુંગળીના ભાવ આસમાને : લોકો ભારે પરેશાન

ગાંધીનગર,તા. ૧

સૌરાષ્ટ્રમાં પાણીની તીવ્ર તંગીના પરિણામ સ્વરૂપે એક પછી એક ઘણી સમસ્યાઓ આવવાની શરૂઆત થઈ ચૂકી છે. પાણીની તંગીથી પાકની પણ અછત ઊભી થઈ રહી છે જેથી કિંમતો આસમાને પહોંચી રહી છે. સૌરાષ્ટ્રમાં પાણીની અછતથી ગ્રાહકો પણ પરેશાન થવા લાગી ગયા છે. ડુંગળીની ઊંચી કિંમતથી અમદાવાદીઓની આંખમાં પણ હવે આંસુ આવી ગયા છે. એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ કમિટી (એપીએમસી) અમદાવાદ ખાતે ડુંગળીની કિંમત છેલ્લા ૧૫થી ૨૦ દિવસમાં ૬૦થી ૭૦ ટકા સુધી વધી ગઈ છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે સરેરાશ મહારાષ્ટ્ર અને સૌરાષ્ટ્રમાંથી ડુંગળી લાદેલી ૧૦૦ ટ્રકો પહોંચે છે પરંતુ હાલના દિવસોમાં આ સંખ્યા ૫૦થી પણ ઓછી થઈ ગઈ છે. અધિકારીઓ કબૂલ કરે છે કે બુધવારે સૌરાષ્ટ્રમાંથી માત્ર ૪૦ ટ્રકો આવી હતી જ્યારે મહારાષ્ટ્રમાંથી માત્ર બે ટ્રક પહોંચી હતી હોલસેલ માર્કેટમાં ડુંગળીની કિંમત પ્રતિ કિલો ૧૦થી ૧૪ રૂપિયા થઈ ગઈ છે.

આ કિંમત હવે ૧૬થી ૨૪ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી છે. ગુરુવારના દિવસે મહારાષ્ટ્રમાંથી ડુંગળી પ્રતિ કિલો ૨૧થી ૨૪ રૂપિયામાં વહેંચાઈ હતી જ્યારે સૌરાષ્ટ્રની ડુંગળીનો ભાવ પ્રતિ કિલો ૧૬થી ૨૦ રૂપિયા બોલાયો હતો. રિટેલ માર્કેટમાં વધારો ૧૮થી ૩૦ રૂપિયા સુધી પહોંચ્યો છે. પાણીની અછતના પરિણામ સ્વરૂપે આ સ્થિતિ સર્જાઈ છે. ઉત્પાદનમાં ૧૫ ટકા સુધીનો ઘટાડો થયો છે. સરેરાશ મહારાષ્ટ્ર અમદાવાદને દરરોજ ૪૦થી ૪૫ ટ્રક ડુંગળી મોકલે છે.

આ વર્ષે આ સંખ્યા બે થઈ ગઈ છે. આવી રીતે સૌરાષ્ટ્રમાંથી ડુંગળી અગાઉ ૬૦ ટ્રકોની આવતી હતી. દરેક ટ્રકમાં આશરે ૧૦હજાર કિલો આવતી હતી. કેન્દ્ર સરકારે તાજેતરમાં જ કિંમતોને નીચી લાવવા માટે નિકાસ ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. બિનજરૂરી ખરીદીના લીધે સ્થિતિ બદલાઈ રહી છે. એપીએમસીમાં એક કારોબારીએ કહ્યું છે કે મહારાષ્ટ્રમાં ખેડૂતોને તેમના પોતાના રાજ્યમાં પાક બદલ ખૂબ સારી રકમ મળી રહી છે.

## મધ્યસ્થ ઔષધ ભંડાર તંત્રનું ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશનમાં રૂપાંતર

ગાંધીનગર, તા. ૧

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૨૦-૭-૨૦૧૨ના ઠરાવથી મધ્યસ્થ ઔષધ ભંડાર તંત્ર-ગાંધીનગરનું ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશનમાં રૂપાંતર કરવામાં આવ્યું છે. ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લીમીટેડનું સરનામું બ્લોક નં.૧૪/૧, ડો. જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, સેક્ટર-૧૦, ગાંધીનગર : ૩૮૨૦૧૦ રહેશે તેમ મેનેજીંગ ડીરેક્ટર ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લીમીટેડની યાદીમાં જણાવાયું છે.


## ૨૬ જિલ્લાની ૧૪૨૭ ગ્રામ પંચાયતોની રવિવારે ચૂંટણી

અમદાવાદ, તા.૧

રાજ્યમાં ફેબ્રુઆરી, માર્ચ તથા એપ્રિલ મહિનામાં મુદત પૂરી થતી હોય તેવી ગ્રામપંચાયતોની સામાન્ય ચૂંટણી, વિભાજનથી નવી રચાયેલી ગ્રામ પંચાયતોની ચૂંટણી, વિસર્જન થયેલી ગ્રામ પંચાયતોની મધ્યસત્ર ચૂંટણીઓ ત્રીજી ફેબ્રુઆરી ૨૦૧૩ રવિવારના રોજ યોજવા રાજ્ય ચૂંટણી પંચે વિગતવાર કાર્યક્રમ જાહેર કર્યો છે. જે મુજબ કુલ ૧૪૨૭ ગ્રામ પંચાયતો માટે લાગભગ ૩૪૮૩૩૦૭ મતદારો, ૧૪૨૭ સરપંચોને ચૂંટી કાઢશે. પાંચમી ફેબ્રુઆરીના રોજ મતગણતરી હાથ ધરાશે.

જે ૧૪૨૭ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાશે તેમાં મૂખ્યત્વે ભાવનગરની ૨૯૯, વડોદરાની ૨૩૧, ભાવનગરની ૧૭૧, સાબરકાંઠાની ૧૩૭ તથા આણંદની ૧૨૭ ગ્રામ પંચાયતોનો પણ સમાવેશ થાય છે. જ્યારે ૨૬ જિલ્લા પૈકી અન્ય જિલ્લા દીઠ ૧૦૦થી ઓછી ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે. રાજ્ય ચૂંટણી પંચે ઉપરોક્ત ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ઈવીએમ દ્વારા મતદાનની વ્યવસ્થા કરી છે. આ ઉપરંત આ ચૂંટણી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે પુરતો પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે.

## શબ્દાવલી - ૪૯૬૭



**આડી ચાવી**

૧. જરાય અચકાયા કે રોકાયા વગર (૫)
૪. ... ઉતારવી, મચકોડ ઉતારવા (૨)
૬. રહેણાંકનો વિસ્તાર (૩)
૭. આકાશમાં ફરનારૂં (૩)
૮. વકીલની ડીગ્રી (૩)
૧૧. તિજોરી (૪)
૧૪. ઝવેરચંદ... (૩)
૧૫. ભાગી છૂટવું, ... થવું (૩)
૧૭. કરીયાવર (૩)
૧૯. એક પહેરવેશ (૨)
૨૦. કામ-ક્રોધ-લોભ-મોહ બધા... કહેવાય (૩)
૨૧. ભાતીગળ ભાત, મહેંદીની... (૪)

**ઊભી ચાવી**

૨. નકામો ભંગાર
૩. લુખ્ખી, ધમકી (૨)
૪. અતિથિ, માનવાચક (૪)
૫. દાદાનો, ... મિલ્કત (૨)
૬. ... હોય તો માળવે જવાય (૨)
૭. પુરૂષો ખભે... નાંખે (કાપડ) (૨)
૧૦. સવારે દાતણ કર્યા પછી જીભ ઉપરથી ... ઉતારાય (૨)
૧૧. અણીવાળુ (૪)
૧૨. 'ફરી' શબ્દ ઊંધો (૨)
૧૩. કોડ (૪)
૧૪. પ્રતિભાશાળી (૩)
૧૬. રાજા જેવા ઠાઠમાઠ (૨)
૧૮. બેની પર, જોડકું (૨)

### શબ્દાવલી ૪૯૬૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) મહોલ્લો (૪) તક (૬) નસીબદાર (૭) છાપરૂ (૯) બેહાલ (૧૧) એલફેલ (૧૩) નદી (૧૫) બાન (૧૬) હામ (૧૮) દાદા (૧૯) સાદગી (૨૦) નરક (૨૧) અવસાન

**ઊભી ચાવી :-** (૧) હોવાપણું (૩) મસીહા (૪) તદા (૫) કરતાલ (૮) ચાલબાજી (૯) બેલ (૧૦) ખાનદાન (૧૨) ફેન (૧૪) દીદાર (૧૬) હાદસા (૧૭) મલીન (૧૯) સાવ

## સહી ચકાસણી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નિર્ણય કર્યો છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીની કચેરી દ્વારા આ સભ્યોને આ અંગેની વિધિવત રીતે જાણ કરી દેવામાં આવી છે. ૧૧મી ફેબ્રુઆરીના રોજ તેમની સહીની ખરાઈ કરાયા બાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેમના રાજીનામાના પત્રો અંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી મંગીબેન પટેલને તેમનો અહેવાલ મોકલી આપશે. આ પછી આ સભ્યોના રાજીનામા અંગે નિર્ણય લેવામાં આવશે.

બીજી તરફ કોંગ્રેસ પક્ષના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ પક્ષના કોઈ સભ્યોમાં અસંતોષની લાગણી પ્રવર્તતી નથી અને બધું જ ઘીના ઠામમાં ઘી પડી જશે તેવો વિશ્વાસ વ્યકત કરવામાં આવી રહ્યો છે.

જિલ્લા પંચાયતની સમિતિઓના ચેરમેનોની નિમણુંક માટે ફેબ્રુઆરીના ત્રીજા સપ્તાહમાં આખરી નિર્ણય થનાર છે. જિલ્લા પંચાયતની સમિતિઓના ચેરમેન માટે અગાઉ બેઠક બોલાવવામાં આવી હતી પરંતુ ચૂંટણીની આચાર સંહિતા લાગુ થયેલ હોવાથી તે મુલત્વી રાખવામાં આવેલ હતી.

## ફાયર ટેક્સ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રોટેક્શન) એકટ ઘડવા અને તેના અમલીકરણ માટે સૂચન કર્યું હતું. હાલ જીડીસીઆરની જોગવાઈના આધારે ફાયરસેફ્ટી નોર્મ્સનું પાલન કરાવવામાં આવી રહ્યું છે. પરંતુ જો ફાયરસેફ્ટિ સુવિધાનું કોઈ પાલન ના કરે તો તેવા કિસ્સામાં ફાયરબ્રિગેડ વિભાગ સહિત લોકલ ઓથોરીટી પાસે અસરકારક સત્તા ન હોવાથી તેની જોગવાઈ પણ આ બીલમાં કરવામાં આવી છે.

ફાયરસેફ્ટિ નોર્મ્સનું પાલન કરવામાં ના આવે તો કસૂરવારોને ત્રણ મહિલા સુધીની કેદ અને ૨૫૦૦૦ સુધીના દંડની જોગવાઈ સૂચિત કાયદામાં કરવામાં આવી છે. ફાયરસેફ્ટી નોર્મ્સનું પાલન નહીં થાય તો તેવા માલિક કે ધારકને ડિફોલ્ટ જાહેર કરવામાં આવશે. તેઓનું ફાયરસેફ્ટીનું એનઓસી રદ કરી તેમની વિરૂદ્ધમાં કાયદાકીય રાહે કેસ દાખલ કરવામાં આવશે.

રાજ્ય સરકાર જે તારીખથી ફાયરસેફ્ટી એન્ડ પ્રોટેક્શન એક્ટ અમલી બનાવશે ત્યારથી બહુમાળી ઈમારતો, સંકુલો પાસેથી વાર્ષિક ધોરણે ફાયરસર્વિસ ટેક્સ વસૂલવામાં આવશે. ઈમારતોના માલિકો અને ધારકો પાસેથી પ્રોપર્ટી ટેક્સ પર સરચાર્જના સ્વરૂપમાં આ ફાયરસર્વિસ વસૂલવામાં આવશે.

રહેણાંક કેટેગરી માટે એક ટકા લેખે મીનીમમ ૫૦ લેખે, કોમર્શીયલ (ડેવલપમેન્ટ, ઈન્સ્ટ્રીટ્યૂશનલ અને અન્ય નોને રેસીડેન્સીયલ ઉપયોગ) માટે બે ટકા લેખે મીનીમમ ૨૦૦, ઈન્ડસ્ટ્રીયલ માટે ત્રણ ટકા લેખે મીનીમમ ૫૦૦ અને સિનેમાઘરો-મલ્ટીપ્લેક્સ, ઓડિટોરીયમ, બેન્કવેટ અને મેરેજહોલ અને અન્ય એસેમ્લી યુઝ માટે ચાર ટકા લેખે મીનીમમ ૫૦૦૦ પ્રમાણે ફાયર સર્વિસ ટેક્સની વસૂલાત કરવામાં આવશે.

ઉપરાંત, ગ્રાઉન્ડ લેવલથી ૨૫ મીટરથી વધુ ઉંચાઈ ધરાવતી ઈમારતોના કિસ્સામાં ફાયર સર્વિસ ટેક્સના દરો બમણા ધોરણે વસૂલવામાં આવશે. સત્તાવાળાઓ સમયાંતરે ફાયર સર્વિસ ટેક્સના દરોમાં વધઘટ કરી શકે તેવી પણ જોગવાઈ કાયદામાં કરાશે.

## પ્રિ-ગુણોત્સવ યોજાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

**આ ચાલુ શૈક્ષણિક વર્ષનો ગુણોત્સવ માર્ચના અંતિમ અને એપ્રિલના પ્રથમ સપ્તાહમાં યોજવા અંગે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા વિચારણા હાથ ધરાઈ છે.**

**શિક્ષણ વિભાગના સૂત્રોના જણાવ્યાનુસાર આ અંગેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે તેમજ આ માટે જિલ્લા કક્ષાએથી પણ અભિપ્રાયો મેળવવામાં આવી રહ્યા છે.**

**પ્રાથમિક શાળાઓમાં ગુણોત્સવનો કાર્યક્રમ યોજી સરકાર શિક્ષણની ગુણવત્તા અંગે સીધો અહેવાલ મેળવેલ છે. આ માટે રાજ્યના ૧૫૦૦ થી પણ વધુ અધિકારીઓને કામગીરી સોંપવામાં આવે છે. તંત્ર પણ આ માટે જરૂરી તૈયારીઓ કરી રહ્યું હોવાથી શિક્ષણજગતમાં એક નવી ચેતનાનો સંચાર થવા પામ્યો છે.**

**આ ગુણોત્સવ દરમ્યાન બાળકની લેખન-ગણન અને વાંચન ક્ષમતા ઉપરાંત પ્રા. શાળાઓમાં ઉપલબ્ધ સુવિધાઓ તેમજ વાલીઓમાં જાગૃત્તિનું પ્રમાણ વિગેરે સરકારના ધ્યાને આવે છે.**

## આંદોલન કરશે.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગઈ ત્રીજી માર્ચે મુખ્યમંત્રીની હાજરીમાં ગુજરાત સરકારે વિધાનસભામાં જાહેરાત કરી હતી કે સત્ર દરમ્યાન ગુજરાતમાંથી ડાર્કઝોન ઉઠાવી લેવાશે.

પરંતુ વાસ્તવિકતા તો એ છે કે ડાર્કઝોનમાં હજુ ખેડૂતોને વિજ જોડાણ મળતાં નથી. અને ઉદ્યોગોને અને બિલ્ડરોને તુરત જ જોડાણ મળે છે. પોતાના ખેતરોમાં પણ વિજ જોડાણ માટેની ખેડૂતોની અરજીઓ પેન્ડીંગ છે. તેમણે કહ્યું કે ખેડૂતોને નવું જોડાણ મંજુર થાય એટલે ટ્રાન્સફોરમર સહિતનો ખર્ચ ખેડૂતોને ભોગવવો પડે છે. બીજી તરફ તાતાને નેનો કાર બનાવવા ફેક્ટરીના દરવાજે ૨૨૦ કેવી તથા ૬૬ કેવીના ટ્રાન્સફોરમરો ઉભાં કરી દેવાય છે.

તેમણે ખેડૂતોને અરજીના ત્રણ દિવસમાં વીજ જોડાણ આપી દેવું જોઈએ તેવા નિયમનું પાલન થતું નથી તેમ જણાવી વિજ નિયમન પંચ અને સ્પીકરની મીલીભગતને કારણે ખેડૂતો હેરાન થઈ રહ્યા હોવાનું જણાવ્યું હતું.

તેમણે વીજ નિયમન પંચ દ્વારા થતા ભાવવધારા સામે આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, પંચ સુઓમોટો અરજી કરીને ગ્રાહકો ઉપર ભાવવધારાનો બોજો નાંખી દે છે. અને ખેડૂતોને સહન કરવું પડે છે.

## ગુજકેટની પરીક્ષા.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાષામાં લેવાયેલી NEETની પરીક્ષાને માન્ય રાખવી જેથી ગુજરાતના વિદ્યાર્થીઓ સમગ્ર દેશમાં નેશનલ કોટાનો લાભા લઈ શકે.

દરમિયાન સુપ્રિમ કોર્ટમાં હાલ અનેક પાર્ટીઓની રીટ ચાલવા ઉપર હોઈ, આ કેસનો આખરી ચુકાદો આપવામાં વિલંબ થાય તેમ જણાય છે, હાલમાં સુપ્રિમ કોર્ટના વચગાળાના હુકમ મુજબ રાજ્ય સરકારને ગુજકેટ પરીક્ષા લેવાની છુટ આપવામાં આવી છે. ચાલુ વર્ષ માટે સુપ્રિમ કોર્ટનો અન્ય કોઈ વચગાળાનો કે આખરી હુકમ થાય નહી તો વિદ્યાર્થીઓની ભવિષ્યની કારકિર્દીને ધ્યાનમાં રાખી રાજ્ય સરકારે ગુજકેટની પરીક્ષા લેવાનો નિર્મય કર્યો છે અને જુની પદ્ધતિ મુજબ ગુજકેટ અને બોર્ડની પરીક્ષાના ગુણની ગણતરી કરીને સુપ્રિમ કોર્ટની મંજૂરી મળ્યેથી મેરીટ લીસ્ટ જાહેર કરાશે.

આરોગ્ય મંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું હતું કે, જો આ સમગ્ર પરીક્ષા પ્રક્રિયા દરમિયાન સુપ્રિમ કોર્ટનો NEETની પરીક્ષા લેવા માટેનો વચગાળાનો કે આખરી હુકમ આવે તો તેનો અમલ રાજ્યમાં કરવામાં આવશે અને એમબીબીએસ અને બીડીએસના પ્રવેશ માટે સુપ્રિમ કોર્ટના નિર્ણય મુજબ કાર્યવાહી કરવાની રહેશે. જ્યારે આ સિવાયના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે જુની પદ્ધતિ મુજબની ગુજકેટ પરીક્ષા અમલમાં રહેશે. આ વાતને ધ્યાને લઈ સરકારે આ વર્ષે ગૃપ બી તથા એબીના વિદ્યાર્થી માટે ગુજકેટની પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે અને આ માટે જરૂરી કાર્યવાહી કરવા ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડને જણાવ્યું છે.

## શેરીના કુતરાઓ પાછળ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંદાજીત ૧૦,૦૦૦ જેટલો ખર્ચ કરે છે. કોઈપણ કુતરુ ખાય નહિ તો તેમને તરત કબર પડી જાયછે. તેઓ તેના માટે જન સમાજની એનીમલ હેલ્પલાઈનમાં ફોન કરી ડોક્ટરને બોલાવી દવા કરાવે છે. અચાનક જરૂર પડે તો પ્રાઈવેટ પ્રેકટીસ કરતા વેટરનીટી ડોક્ટરને પણ બોલાવે છે. આ પાછળ તેમને મહિને ૩૦૦ રૂપિયા જેટલો ખર્ચ દવા પાછળ થાય છે. તેમના ઘરના કબાટમાં પણ મીની દવાખાનુ છે. કુતરાઓને વાગ્યું હોય તો તરત તેઓ ઘરેથી દવા લાવીને પટ્ટી બાંધી દે છે. આ સેવા કાર્ય દરમિયાન તેમને બે થી ત્રણ વખત કુતરા કરડ્યા છે. તેમ છતાં તેઓએ સેવાકાર્ય ચાલુ જ રાખ્યું છે. ચેલ્લા બે ત્રણ મહિનાથી વાંદરા, તેમજ બિલાડી પણ ભાસ્કરભાઈના ઘરના મહેમાન બન્યા છે. તેઓને પણ આ શ્વાન પ્રેમી ભોજન પીરસી ધન્યતા અનુભવે છે. આ સેવાકાર્યને લીધે તેઓ અનેકવાર લોકોના રોષનો ભોગ પણ બન્યા છે. તેઓએ તેમની પ્રવૃત્તિ બંધ કરી નથી.

## જાહેર રજા જાહેર.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટેલીફોન, તાર અને પોસ્ટ, દુકાનો વાણિજ્ય સંસ્થાઓ, હોટલો, ઔદ્યોગિક એકમો, કારખાનાઓ, ફેક્ટરીઓ, સરકારી હોસ્પિટલો, પોલીસ સ્ટેશનો, ફાયરબ્રિગેડ અને આવશ્યક સેવા આપતી અન્ય સંસ્થાઓ કચેરીઓ માટે રજા રહેશે. સંબંધિત દિવસે ઉક્ત સમગ્ર વિસ્તારમાં જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં મતદાનના દિવસે રજા આપવી. જો સંબંધિત વિસ્તારમાં કોઈ કારણસર તેમ ન થઈ શકે તેમ હોય ત્યાં વૈકલ્પિક વ્યવસ્થા તરીકે આવા કર્મચારીઓને મતદાન માટે વારાફરતી ત્રણ કલાકની રજા આપવા ચૂંટણી પંચની યાદીમાં જણાવ્યું છે.

## મહારક્તદાન યજ્ઞ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગોંદરે ગૌરવભેર પ્રસ્થાપિત કરી જેની ઊંચાઈઓને ગુજરાતનો ખૂણે ખૂણે પહોંચાડનાર વિશાળ શિક્ષણરૂપી મહાસાગરના અમૂલ્ય રત્નમણિ એવા સ્વ. શ્રી માણેકલાલ એમ. પટેલ સાહેબને રક્તદાન દ્વારી સૌએ અંજલિ અર્પી હતી. વર્તમાન ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલે સ્વ. શ્રી એમ.એમ. પટેલ સાહેબના આ દિનને "પ્રેરણા દિન" તરીકે મનાવવા ઈચ્છા પ્રગટ કરી હતી.

સાહેબની શિક્ષણની અહાંલેકેને શ્રી સરદારભાઈ પટેલ બખૂબી આગળ વધારી તેમના આત્માને પરમ શાન્તિ પ્રદાન કરી છે. રક્તદાન શિબિરનું ઉદ્ઘાટન સંસ્થાના મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલે દીપ પ્રાગટ્ય દ્વારા કર્યું હતું. આ પ્રસંગે સંસ્થાના મંત્રીશ્રીઓ શ્રી ખોડભાઈ પટેલ, શ્રી ડૉ. રમણભાઈ પટેલ, શ્રી મહેશભાઈ પટેલ ઉપરાંત કેમ્પસ કોઓર્ડીનેટર પ્રો. રમણભાઈ પટેલ, વિવિધ વિદ્યાશાખાઓના પ્રન્સિપાલશ્રીઓ તથા કર્મચારીગણ વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ સાથે હાજર રહ્યા હતા. ગાંધીનગર ખાતે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ડૉ. સુરેન્દ્રભાઈ પટેલ અને કર્મચારી ગણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ફેકલ્ટી ઓફ એજયુકેશનના ડીન પ્રો. વીણાબેન પટેલ, કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડાયરેકટર ડી.ટી. કાપડીયા, રજીસ્ટાર એસ.કે. મંત્રાલા, પરીક્ષા નિયામક વી.કે. શાહ, કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમાભાઈ પટેલ વગેરે ખાસ હાજર રહ્યા હતાં.

**ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ,**
**પ્રાદેશિક કચેરી, ગાંધીનગર**
ટેલી. ૦૭૯-૨૩૨૨૨૦૯૬, www.gpcb.gov.in

**જાહેર નિવિદા**

આથી બોર્ડની ઉપરોક્ત સરનામેથી કાર્યરત પ્રાદેશિક કચેરી, ગાંધીનગરને કચેરીના કામ માટે ટેક્ષી પાસીંગ પેસેન્જર વાહન ભાડે મેળવવા માટે ભાવ ફક્ત અધિકૃત ટ્રાવેલ્સ એજન્સીને અગ્રીમતા આપવામાં આવશે. આ કામગીરી માટે કોરા ટેન્ડર ફોર્મ સદર કચેરી ખાતેથી તા. ૭/૨/૨૦૧૩ થી તા. ૮/૨/૨૦૧૩ સુધીમાં રૂ. ૫૦/- (અંકે રૂપિયા પચાસ પૂરા) રોકડા ભરવાથી મળી શકશે તેમજ તમામ વિગતો સાથે ભરેલા ફોર્મ ઉપરોક્ત સરનામે તા. ૧૫/૨/૨૦૧૩ સાંજના ૪-૦૦ વાગ્યા સુધીમાં મળી જાય તે રીતે મોકલવાના રહેશે અને મળેલ ટેન્ડર તા. ૧૮/૨/૨૦૧૩ રોજ બપોરના ૧૨-૦૦ કલાકે ખોલવામાં આવશે.

સહી/-
તા. ૧/૨/૨૦૧૩ — સી. એ. શાહ
માહિતી/૨૧૫૧/૧૨-૧૩ — પ્રાદેશિક અધિકારી